# નમસ્કાર ગાંધીનગર

## પમરાટ

બનીને કાવ્યરત લખવું જરૂરી છે .
લખી, ભૂંસી,પરત લખવું જરૂરી છે.

અચાનક કાવ્ય પંક્તિઓ મળી આવે,
અને આવે તરત લખવું જરૂરી છે.

બરાબર વાત કરવામાં પડે અડચણ,
પછી છોડી શરત લખવું જરૂરી છે.

તમારા છાંયડા નીચે તમે બેસો,
સતત બેસી સ્વગત લખવું જરૂરી છે.

સતત સારા અને નરસા પ્રસંગોને,
લખાવે છે જગત, લખવું જરૂરી છે.

- રિયાઝ દામાણી

## પાથેય

- રમેશ ઠક્કર

### લખવાની લપસણી ભૂમિ

'તમારી ગઝલ સરસ હોય છે,પણ એમાં લખવાની રેસિપી શું હોય છે ? એમાં ચોટ,ચાટુકિત, ચમત્કૃતિ અનિવાર્ય છે ? શબ્દની સાદગી કે શીલવંત ભાષા પણ વાચકને સ્પર્શતી હોય છે..

આખરે શું હોય છે વાચકની તલાશ ? લેખક વાચક માટે લખે છે કે પોતાના માટે ? લખવું ફરજિયાત છે ? અવ્યક્ત શબ્દો..ઇંગીતો કે અધ્યાહાર વાકયોની પણ એક આગવી પરિભાષા હોય છે.. લખવું એ લેખકના હાથની વાત હોય છે..?એણે શું ધ્યાન રાખવાનું હોય છે? જહોન રસ્કિન તો એવું કહે છે.." જે કહેવુ હોય તે ઓછામાં ઓછા શબ્દોમાં કહો નહીંતર વાંચક મર્મ ચૂકી જશે..સરળ શબ્દોમાં કહો અન્યથા વાંચકને ગેરસમજ થશે.."ઘાયલ" કદાચ આ અંગે જ જવાબ આપી ગયા છે..એ કહે છે..

"છે ગઝલ દર્દની ગિરા "ઘાયલ ",
માત્ર ભાષાની ઘાલમેલ નથી..!"

લેખન એ સ્વયંનું આલેખન હોય છે..આપણે એનું આકલન આપણી રીતે કરતા રહીએ છીએ..વિનેશ અંતાણી કહે છે.."દરેક નવલકથા લખ્યા પછી એવું અનુભવાય કે હવે સાવ ખાલી થઇ જવાયું છે..હવે કશું જ નહીં લખી શકાય..ઊંટની ખાંધમાંથી જાણે બધુંજ પાણી નીચોવી લીધું હોય એમ..!" ડો.કેશુભાઇ દેસાઈના મતે..લેખક ભારે શાપિત જીવ છે..એ રેશમનો કીડો છે..પોતે બફાઇને,શેકાઇને એ એની રેશમી કલ્પનાઓની લાળ રેલાવતો રહે છે..જયંત પાઠક જેવા મોટા ગજાના સર્જક પણ એમને લખવા તરફ દોરી જનાર મહત્વના પરિબળ તરીકે ભાષાપ્રપંચના સ્વાદને કારણભૂત ગણે છે..લખવું એ આમ તો એક પ્રકારની સજાવટ છે એમાં આકર્ષણ તો હોવું જ જોઇએ...

દરેક લેખકની પોતાની એક સ્ટાઇલ હોય છે લખવાની..એક ભાવવિશ્વ હોય છે..શબ્દોની પોતાની એક કચારી હોય છે..જેમાં શબ્દપુષ્પો ખીલે છે.વોલ્ટર સરસ કહે છે.." લખવાની કોઇપણ સ્ટાઇલ જે બોરીંગ નથી તે સારી સ્ટાઇલ છે.." એટલે કે લેખન રસપ્રદ હોય એ પ્રાથમિક ફરજ છે સર્જક માટે..એનામાં ખુમારી હોય એ પણ એટલું જ આવશ્યક છે..રઘુવીર ચૌધરીના શબ્દો... "હું ભલે સામાન્ય,હોઉં. પણ જેની ઉપાસના કરું છું એ સાહિત્યપદાર્થ અસામાન્ય હોવાની મને પ્રતિતી છે.."

હકિકતમાં વાંચવામાં સરળ લાગે એવું લખવું એ ખૂબ અઘરું કામ છે..ગાંધીજીના ગદ્યની સાદગી જુઓ.ચમત્કૃતિથી જરા પણ કમ નથી..કાકાસાહેબ કાલેલકર લલિત પદાવલીઓ સાથે પણ એક સંયમિત આલેખનને અલગ ઉંચાઇ સુધી લઇ જાય છે..સ્વામીઆનંદ લોકભાષાના શબ્દો થકી એક આગવો વૈભવ આપી જાય છે..અનુભૂતિની સચ્ચાઇ કે શબ્દોની સહજ સરવાણી એ જ આમ તો વાંચકને અભિભૂત કરે છે..બીજી બધી બાબતો એમાં સહાયક જ હોઇ શકે નિર્ણાયક નહીં...

# પારદર્શી અને બૌદ્ધિક નેતાની કોંગ્રેસને જરૂર નથી

તંત્રીસ્થાનેથી...

વર્ષોથી કોંગ્રેસ નહેરુ-ગાંધી પરિવારની માલિકીની પેઢી હોય એ રીતે એનું સુકાન એક જ પરિવાર હસ્તક રહેતું આવ્યું છે. કોંગ્રેસના શતમુખ વિનિપાતનું એક કારણ આ પરિવારવાદી રાજકારણમાં પડેલું છે. ઉપર પરિવાર એમે નીચેના સ્તરે પણ પરિવારોએ જ અડિંગો જમાવ્યો. ગુજરાતની જ વાત કરીએ તો ગઈ પેઢીના તમામ મોટા કોંગ્રેસી આગેવાનોનો વંશવેલો આજની તળિયે બેસી ગયેલી કોંગ્રેસની નેતાગીરી સંભાળી રહી છે. માધવસિંહ સોલંકીના પુત્ર ભરતસિંહ સોલંકી અને એમના સાળાના દીકરા અમિત ચાવડા હોય કે ચીમનભાઈ પટેલના સુપુત્ર સિદ્ધાર્થ પટેલ અથવા મનુભાઈ પરમારના દીકરા શૈલેશ પરમાર... આવાં બીજા નામોની પણ હારમાળા છે. અમરસિંહ ચૌધરીના પુત્ર તુષાર ચૌધરી, હમણાં જ કોંગ્રેસની વંડીને ઠેકીને 'આપ'ની કંઠી પહેલી લેનારા પ્રબોધપુત્ર ચેતન રાવળ, યોગેન્દ્ર મકવાણાના પુત્ર ભરત મકવાણા, નરસિંહ મકવાણાના પુત્ર ગુણવંત મકવાણાના, સ્વ ભૈરવદાન ગઢવીના સુપુત્ર સહિત ઘણાં નામો ગણાવી શકાય. ગાંધી પરિવારની આ વંશ પરંપરા પ્રાદેશિક નેતાગીરીમાં જ ઊતરે તો જ નવાઈ. એથી પૈતૃક વારસા વગરના લાયક કાર્યકર્તાઓ હાંસિયે ધકેલાતા રહ્યા છે. અને કોંગ્રેસ સતત નબળી પડતી રહી છે. મૂળ આરએસએસ ગોત્રના શંકરસિંહ વાઘેલા કોંગ્રેસમાં આવ્યા ત્યારે પુત્ર મહેન્દ્રસિંહને પણ કોંગ્રેસની ટિકિટ મળવા માંડી. મધ્યપ્રદેશમાં અર્જુનસિંહ, દિગ્વિજયસિંહ અને માધવરાવ સિંધિયાના સુપુત્રો આજકાલ કોંગ્રેસની નેતાગીરી સંભાળી રહ્યા છે. કમલનાથ અને અશોક ગહલોતના વછેરા પણ રાજકીય ઘોડારમાં હણીહણી રહ્યા છે. હવે જયારે જી-૨૩ ગ્રુપ તરીકે ઓળખાતા કોંગ્રેસના થોડાક ચબરાક આગેવાનોએ લોક સ્વીકૃતિવાળી નેતાગીરીની વાત કરી અને રાહુલ ગાંધી કોંગ્રેસના નેતા તરીકે કાઢું કાઢવામાં સરિયામ નિષ્ફળ ગયા હોવાની રજૂઆત કરી ત્યારે ખુદ રાહુલ ગાંધીએ જ આગામી કોંગ્રેસ પ્રમુખ ગાંધી પરિવાર બહારનો હોવો જોઈએ એવું સ્ટેન્ડ લીધું. સોનિયા ગાંધી માટે રાહુલ ગાંધી જ એક માત્ર લાયક નેતા હોવા છતાં એમને મને કમને પુત્રની જીદ આગળ નમતું જોખવું પડ્યું અને પછી શરૂ થઈ કહ્યાગરા કોંગ્રેસ પ્રમુખની શોધ. અશોક ગહલોત એ માટે સૌથી વધારે લાગક લાગ્યા કારણ કે તે પરિવારભક્ત હતા. એમના રાજસ્થાનના રજવાડા પર કટ્ટર વિરોધી સચીન પાઈલટના રાજયાભિષેકનો અણસાર આવતાં જ જાદુગર અશોક ગહલોતના ખેલ શરૂ થયા જેમાં એમની નામોશી થઈ. એમને રીતસર અધ્યક્ષપદની ઉમેદવારી કરતાં અટકાવાયા અને મલ્લિકાર્જુન ખડગેને રાતોરાત એ પદ માટે આગળ ધરવાની જવાબદારી પણ સોંપાઈ. સૌ જાણે છે એમ શશી થરુરની બેબાક વાણીને કારણે એમને હરાવવાનું કાવતરું પણ ખડગેની ઉમેદવારીમાં ઊમટી પડેલા સિનિયર કોંગ્રેસીઓના ટાળા દ્વારા બધાને સમજાય એ રીતે ઘડાયું. ગહલોતને બદલે દિગ્વિજયસિંહને ગાંધી પરિવારે આગળ ધરવાનો વિચાર કરેલો તે પણ લાંબી વિચારણાને અંતે રદ થયો. દલિત અને દક્ષિણનું સમીકરણ માંડીને ઊભા રહેલા ખડગે અને થરુર વચ્ચે સરખામણી થઈ જ ન શકે. ખડગે માને છે કે ગાંધી પરિવાર વગરની કોંગ્રેસની તેઓ કલ્પના જ કરી શકે. અર્થાત્ પોતે અધ્યક્ષ તરીકે ચૂંટાશે તો પણ ગાંધી પરિવારના આદેશ મુજબ જ વર્તશે ! શરુર કહ્યાગરા નહીં રહી શકે એની પાકી ખાતરી હોવાથી ગાંધી પરિવારે એની તમામ વગ ખડગેની તરફેણમાં ખડકી દીધી છે. મધુસૂદન મિસ્ત્રીને ચૂંટણી સંયોજક બનાવાયા છે અને એમણે દેખાવ પૂરતા કેટલાક ચૂંટણી પ્રચારના નિયમો પણ જાહેર કર્યા છે. એ મુજબ કોઈ પક્ષના પદાધિકારી કે વિધાનસભામાં પાર્ટીનું નેતૃત્વ કરનારા નેતા પ્રચારમાં ભાગ નહીં લે એવી રજૂઆત થઈ છે. આ નિયમનું ઉલ્લંઘન કરીને ખડગેના અણવર બનેલા હુંશીલા ગહલોતે પોતાના ઉમેદવાર માટે સોશ્યિલ મીડિયામાં અપીલ મૂકીને એમને ભારે બહુમતીથી જિતાડવાની અપીલ કરી છે. દેખીતી રીતે આ પાર્ટીની આદર્શ ચૂંટણી સંહિતાનું ઉલ્લંઘન છે. થરુરને શરૂથી જ સમજાઈ ગયું હતું કે ગાંધી પરિવાર સાથે નહીં હોવાથી એમણે જીતવા દેવામાં નહીં જ આવે. એમણે ખડગેને મુદ્દાઓની ચર્ચા માટે પણ પડકાર્યા હતા. ઉંમર, પ્રતિભા અને કાર્યદક્ષતાની રૂએ પોતે ખડગે કરતાં કયાંય ચડિયાતા હોવા છતાં રાજયોમાં પ્રદેશ કોંગ્રેસના નેતાઓ પણ એમની સાથે બેસવા તૈયાર નથી તે એમણે ગુજરાત સહિત ઘણાં રાજયોમાં અનુભવ્યું છે. ગહલોતે તો ગાંધી પરિવારનો રાજીપો મેળવવા ચૂંટણી નિયમોની મર્યાદા ઓળંગીને ખડગેની તરફેણમાં પ્રચાર શરૂ કર્યો છે. થરુર, કોંગ્રેસ કદી સુધરવાની નથી. ચુપચાપ આત્મકથા લખવા માંડો !

# જીના ઈસી કા નામ હૈ...

પમરાટ

મિત્તલ પટેલ

સમપદીના હર પગથિયે...
સાથીયો દોરી આવ તું...
સુખ આવે કે દુ:ખ...
સરખે સરખું સ્વીકાર્ય બનાવ તું...
વાંછટ આવે કે વરસાદ,
પાણી કેરો વૈભવ છે.
મુશળધારની આશાએ તું
તત્ક્ષણ ખુશીઓ ન ફગાવ તું...

"આપવું" શબ્દ કેટલાને પ્રિય લાગે? "લેવું"..."મેળવવું" શબ્દ કદાચ બધાને વ્હાલાં લાગે. શાશ્વત વસ્તુઓનું સુખ માત્ર "આપવામાં" જ છે. નાની નાની ખુશી, પ્રેમ, મદદ, સાત્વના, પ્રોત્સાહન, ઉમળકો, સહકાર, સથવારો વગેરે અન્યને "આપીએ"તો જે સામેથી અદ્રશ્ય અઢળક પડઘો બની પાછું મળે છે એનું વર્ણન શબ્દમાં થઈ જ ન શકે અને તે જ જીવાડે છે. પૈસો, મોટાઈ, દેખાડો, મોટી મોટી સફળતાઓ કે એવોર્ડ્સ નથી જીવાડતા. "લાગણી" જીવાડે છે. "પોતાનું" છે કોઈ સાચાં અર્થમાં એ ભાવ જીવાડે છે. આ પૃથ્વી "સમતા" પર ટકેલી છે. સુખ, દુ:ખ, ખુશી, પીડાઓ વગેરે વચ્ચે ઈશ્વરે સમતા રાખેલ છે. છતાં દુ:ખ અને પીડાનો સમય આપણને વધુ લાંબો લાગે છે. કારણ કે તે જીરવવાની ક્ષમતા મનોબળ આપણે કેળવ્યું નથી હોતું અથવા કેળવવાનો પ્રયત્ન નથી કરતાં હોતા. તૂટી જવું સરળ છે, સ્થિર રહેવું ,સ્થિતપ્રજ્ઞ રહેવું, તટસ્થ રહી આપણી જ પીડાઓને નિહાળવી તે અઘરું છે. અને તે જ શાશ્વત છે. જો તે કેળવી લીધું પછી કંઈ જ સ્પર્શતું નથી. બધું જ સરખું લાગે છે, બધું જ બાહ્ય લાગે છે .આંતરિક શાંતિ અને આંતરિક સ્થિરતા ને તે ડહોળી શકતું નથી. હું "મારામાં" સ્થિત છું. ક્યાંય પરિસ્થિતિ સાથે "મારાં" પણું વહી જાય, ખોવાઈ જાય, એટલું સત્વ વિહીન તે નથી જ.

ઉઘડતી સવારે, સાંજને પૂછ્યું.....
: "તું આથમતાં જીવનની 'પરિભાષા'...
તોય તારી આભામાં, શાની પ્રતિભા ઝળકે છે?"
સાંજે કહ્યું:" મારું આથમવું એ તારું ઉગવું જો બની શકે તો મારું હોવાપણું ક્યાંય ખોવાયું જ નથી"
હું" એ "તું" જ બની જાઉં છું.....આપણું એક નાનકડું સ્મિત પણ કંઈ કેટલાંય ઉદાસ ચહેરાઓમાં આશા, શક્યતાની ચમકની ઝલક જો આપી જતું હોય તો તે માનવતાના યજ્ઞમાં આપણે આપેલ એક આહુતિ જ છે .નિરાશ થઈ ગયેલ વ્યક્તિનાં જીવનમાં હાસ્ય અને હકારાત્મકતાનો દીવો પ્રગટાવી શકીએ તો જીવન આપણું દિવાળી દિવાળી જ છે. દીપોત્સવ તો "આપવાનો" ઉત્સવ છે. મીઠાઈ માત્ર પોતે ખાવાં કરતાં જેની ક્ષમતા નથી મીઠાઈ ખરીદી શકવાની તેમને પણ વહેંચી જોજો. માત્ર પોતે જ નવાં કપડા પહેરવાની સાથે જેની કેપેસિટી નથી, નવાં કપડા ખરીદી શકવાની તેમને નવા કપડાં આપી ખુશી વહેંચી જોજો. તારામંડળ થોડાક પણ ઘરબાર વગરનાં બાળકોને વહેંચીને તેમની આંખોમાં ય પ્રસન્નતાના, ખુશીના તણખા ચમકાવી જોજો. આત્મહત્યાના વિચાર આવી જાય તેવાં ડીપ્રેસ, નિરાશ વ્યક્તિ જોડે થોડી વાર બેસી તેમને રડવા ખભો આપી જોજો, તેમની પીડા સમસંવેદી બને વહેંચી જોજો અને જે હળવાશ તેમને અનુભવાશે તેનાંથી કંઈ કેટલાય ગણી શાતા અંતર મનને આપણા અનુભવાશે.

બરબાદીઓ કા શોક મનાના ફીઝૂલ થા...
બરબાદીઓ કા જશ્ન મનાતા ચલા ગયા
હર ફીક કો ધુએ મે ઉડાતા ચલા ગયા...
ગમ ઔર ખુશી મે, ફર્ક ના મહેસુસ હો જહા..
મેં દિલ કો ઉસ મુકામ પે લાતા ચલા ગયા...

"હમ દોનો" મુવી નું મોહમ્મદ રફી દ્વારા ગવાયેલ આ ગીત સાવ સહજ પડે સમજાવી જાય છે "જીના ઈસી કા નામ હૈ"...

# કન્ફ્યુઝડ રહેવા માટે પુરતા પ્રમાણમાં બુધ્ધિ હોવી જરૂરી...

હમજ્યા મારા ભૈ !

ભાગ્યેશ જહા

ચંદ્રભદ્ર લગભગ ધ્યાનસ્થ બની ગયા હતા. અંદર અને અંદર ઉતરવાથી પ્રકાશ મળશે એવી એમની લાગણી પ્રબળ થતી હતી, પણ કોઈએ કહેલું કે સરકારી કચેરીમાં હદથી વધારે ધ્યાનસ્થ બનો તો ઉંઘમાં ક્યારે સરી પડો તે કહેવાય નહીં. અહીંના એક પ્રખ્યાત અધિકારી પીપીસર (પુણ્યપ્રકાશ પરોપકારી) અનેક મીટાંગમાં ધ્યાનપૂર્વક સાંભળતાં સાંભળતાં નિદ્રાવશ થઈ જતા એવી દંતકથા ચાલે છે. પણ એ સાહેબ ખુબ જ નજીકના અધિકારીઓને કહેતા કે એ બધું ધ્યાનથી સાંભળતા હોય છે. 'ક્યારેક જ ધ્યાન દગો દઈ જતું' એવું એમના પીએ સમજાવતા હતા પણ જોનારાઓએ જોયું છે કે આ સાહેબના નસકોરાએ એક વખત કોઈ મીટીંગમાં તરખાટ મચાવેલો. તે દિવસથી દરેક મીટીંગગામી અધિકારીઓએ મીટીંગમાં 'માપનું' ધ્યાન આપવુ એવી અલિખિત પરંપરા વ્યાપક બની છે. જો કે એવું કહેવાય છે કે જ્યાં માનવીય પ્રશ્ન હોય ત્યાં ટેકનોલોજી મદદમાં આવે છે. આને કારણે આ મીટીંગ જેવા માનવીય-પરિશ્રમમાં ધ્યાનવૈવિધ્ય જળવાઈ રહે એ માટે મોબાઈલ નામના ઉપહસ્ત-ઉપકરણની શોધ થઈ છે. તેથી છેલ્લા વીસ વર્ષથી ધ્યાનને કારણે ઉંઘના કે નસકોરા જેવા પ્રશ્નો ઉભા થતા નથી.

ચંદ્રભદ્ર આ બધા ઉભરાતા જ્ઞાન અને કથાઓથી પર થઈને ધ્યાનથી અર્જુન જેમ પંખીની આંખ સામે જોતો હતો તેમ ડોરબેલના ડીંગડાંગ અવાજ કરનારા લંબચોરસ-બોક્ષ સામે જોતા રહેતા હતા. બીજા મુલાકાતીઓ 'પતી' ગયા હતા ત્યારે એ પે'લા સાહેબના ફોનના પતવાની પ્રતીક્ષામાં હતા ત્યારે 'ડીંગડાંગ' એવો બેલ વાગ્યો. હદયમાં આશાના ફુવારાઓ ફુટ્યા, આંખોમાં હર્ષનાં ઝળહળિયાં ચજે કામ કરાવવા આવનારની આંખોમાં ઉત્સાહનાં સાપોલિયાં બની જતાં ઉભરાયાં. ચંદ્રભદ્રને જુનો મોતિયો હોય એમ જગત ઝાંખું લાગવા લાગ્યું. એણે સ્વસ્થતા પ્રાપ્ત કરી લીધી, કોઈ નેતાના અધુરા વચન જેવો ધોતિયાના ટુકડામાંથી બનાવેલા હાથરુમાલથી આંખો લુછી, કાનમાં આંગળી ફેરવી લીધી, ખિસ્સામાં કશું હતું નહીં તેમ છતાં કપાઈ ના જાય એવી પ્રતિક્ષિપ્ત ક્રિયાથી ખિસ્સામાં હાથ નાંખ્યો. પટાવાળાએ નિરંજન તરફ એકદમ પરિચિત સ્માઈલ ફેંક્યું, એનાથી અડધી ઉંઘમાં હોવાનો અભિનય કરનારી આંખો પુરી જાગૃત લાગે તેવી સરકારી ચપળતા બતાવવા લાગી. ચંદ્રભદ્રે આજે ખાદીનો લાગે એવો આછા મરુનરંગનો ઝભ્ભો પહેર્યો હતો, ઉપર આળસુ લાગે તેવું થોડું મેંલું જાકીટ એમને હારેલા રાજકારણી જેવો દેખાવ આપી રહ્યું હતું. અડધા ઓળાયેલા વાળ કોઈપણ મોટા અધિકારીના ટેબલ જેવા હતા એટલે અર્ધશોભા ધરાવતા ચંદ્રભદ્રે એક સારા 'પ્રીસીડેન્ટ' ચપૂવર્દ્રષ્ટાંત જેવા નિરંજનની પાછળ પાછળ જવાનું પસંદ કર્યું. આજે ચંદ્રભદ્રનો એક મદદનીશ આવ્યો હતો, પણ એના લેંઘા-ઝભ્ભાની ચોખ્ખાઈ અને ચાલ પરથી એ ભણેલો હોય એવું લાગતું હતું. અડધા બારણાથી અત્યંત પ્રકાશિત ચેમ્બરમાં એચડબલ્યુ ચહાર્ડ-વર્કીંગ્ સર હતા એના કરતાં રૂપાળા લાગતા હતા. ટેબલ પર દશથી પંદર ફાઈલો હતી, એના પર ફરકતી લાલદુપટ્ટા જેવી પટ્ટીઓને કારણે એમનો પ્રવેશ હમણાં જ થયો છે એવું લાગતું હતું, ટેબલની આડે છેક ભીંત સુધી બીજું ટેબલ હતું જેનાથી કોઈ મુલાકાતી સાહેબની નજીક જઈ ના શકે ત્યાં ઢગલાબંધ ફાઈલો હતી. ચંદ્રભદ્રે આ ફાઈલો સામે જોયું તો ઘણી ફાઈલો બગાસાં ખાતી કે ઉંઘતી હોય એવી મિશ્ર અનુભૂતિ થવા લાગી. કેટલાકમાં અડધા કાચા વઘાર જેવી વાસ આવતી હતી જેમાં નિર્ણયો લેવાયેલા હતા પણ એને મંજુર કરવાની બાબતે મતભેદ પ્રવર્તતા હતા.

ખુરશી ઉપર બેઠેલા મહાપુરુષ પોણાપાંચ ફુટના હોવા જોઈએ, પણ એમની ઉંચાઈ ઓછી ના પડે એટલા માટે રીવોલ્વીંગ ચચલિતૃ ખુરશી પર એક ગાદી ગોઠવવામાં આવી હતી. એમનો ચહેરો લંબગોળ હતો, ઈશ્વરની આ કૃપા હોવાને લીધે કોઈ એમને ગોળગોળ જવાબ આપનાર અધિકારી તરીકે બદનામ કરવા ધારે તો સામુદ્રિકશાસ્ત્ર એમના કામ ના આવે. ચશ્માના ખાસ્સા નંબર હશે, લખેલું વાંચવામાં એમને તકલીફ પડતી હશે તેવા સમયે ચક્ષુચિકિત્સકે એમને આ મદદ કરી હશે. જાડા ચશ્મા પાછળ પણ એ આળસુ ઓછી અને ખટપટ પીઘેલી વધું એવી આંખને છુપાવી શકતા નહોતા. એકદમ બૉટલગ્રીન-રંગનું શર્ટ પહેરેલું જે એમના શ્યામ રંગને બિલકુલ શોભતું નહોતું. જો કે 'અમારે દેખાવવા સાથે શો સંબંધ (!)' એવો ઠાલો ભાવ ટકાવી રાખવા એ મહેનત કરતા હતા. બાજુના ઘોડા ચઅભરાઈ, કબાટ એવા શબ્દો વાપરી શકાત, પણ ..માં પડેલી ફાઈલોનો હણહણાટ ના સંભળાય એટલા વાળ ચરુંવાટી કહી શકાય તેમ નથી. કાને વળગેલા છે. આ વાળ-વૉલથી અવાજોનું ગાળણ થતું, ફિલ્ટર થયેલા અવાજો જ એમના સુધી પહોંચતા. આજે એ સેન્ડલ પહેરીને આવ્યા છે તે આવનારને થોડું ઘર જેવું લાગે, અને પ્રોટોકોલની દિવાલો થોડી પાતળી પડે તે વાસ્તે જ ! એક પાતળી પેન દશ-પંદર રુપિયાની હશે, આ કર્મખંડમાં ગાંધીજીનો ફોટો હતો તો એટલી સાદાઈ તો રાખવી વ્યાજબી જ જણાય. એવું લાગે આ ભાઈ પૉલીસી નિર્ણયો લેતા પહેલાં દુનિયાભરના નીતિનિર્ધારણની પ્રક્રિયાઓ વાંચતા હશે. પણ જે રીતે જાડા જાડા વૉલ્યુમ્સના રુપરંગ સચવાઈ રહ્યા હતા અને બીજા કેટલાક વૈશ્વિક મેગેઝિનની અનાથાશ્રમના બાળકો જેવો ચહેરો હતો એ પરથી લાગતું હતું કે આ ભાઈને સરકાર જ્ઞાનવૃધ્ધિ માટે કોઈ સમય આપતી જ નથી.. આ જ તો ત્યાગ છે ! બધા સંસાધનો તમારી સામે હોય ત્યારે પણ તમે કામના કારણે તમારી પોતાની ઉંચાઈ ચબૌધ્ધિક..!! વધારવા કશું જ ના કરી શકો...ફાઈલમાં એમને ક્યું પાનું/પાનાં વાંચવાની જરૂર છે એ બતાવવા અનેક નાની પતાકાઓ ચોંટાડી દેવામાં આવી હતી. એના જુદા જુદા રંગોથી ઘણું બધું સુચિત થતું હતું, જેમ કે લાલ રંગની પતાકા બતાવતી હતી કે 'આ વિષયમાં ભારતસરકારની શું નીતિ છે ?' લીલી પતાકા, ' અગાઉ ફાઈલ પર સરકારશ્રીએ શું પ્રશ્નો ઉભા કર્યા છે અથવા મંજુરીના સુર સંભળાયા છે', પીળી પતાકા, 'આ બાબતે થયેલા પત્રવ્યવહારની ઝાંખી હતી'.. આટલી બધી વ્યવસ્થાઓમાં માણસ પાસે ભારે બુધ્ધિક્ષમતા હોય તો જ કક્ર્યુઝડ રહી શકે.

# શું આ વખતે દૂર થશે ૧૫ વર્ષોનો ઇન્તેઝાર..?!



રઝળપાટ

અજય ઉપાધ્યાય

ક્રિકેટરસિકો માટે આ દિવાળી વધુ રોમાંચક.. વધુ ઉત્તેજક અને વધુ શાનદાર થવાની છે.. કેમકે દિવાલી કે એક દિન પહેલે આઇસીસી ટી૨૦ વર્લ્ડકપમાં મુકાબલો થવાનો છે કટ્ટર દુશ્મન પાકિસ્તાનનો..!!!! જી હા આજથી શરૂ થઈ રહ્યો છે ફટાફટ ક્રિકેટનો કાર્નિવલ.. યાની કી ટી ૨૦ નો વિશ્વ મુકાબલો. ૨૦૦૭ મા પહેલો ટી ૨૦ વર્લ્ડકપ રમાયો અને એ પહેલા જ વર્લ્ડકપ માં ધોની એન્ડ કંપનીએ ઈતિહાસ રચી દીધેલો. ૨૦૦૭ પછીથી આજે ૧૫-૧૫ વર્ષોના વહાણા વીતી ગયા પણ ભારતને અને વર્લ્ડકપને વહેત એકનું છેટું રહી જ જાય છે. ઈન્ફેકટ ગયા વર્ષે રમાયેલ વર્લ્ડકપમાં તો ભારત પહેલા રાઉન્ડમાં જ પાકિસ્તાન અને ન્યુઝિલેન્ડના હાથે કરારી હાર ખાઈને બહાર નીકળી ગયેલું પણ ૨૦૦૭ મા જ્યારે આ ફટાફટ ક્રિકેટનો પહેલો વર્લ્ડકપ સાઉથઆફ્રિકામાં રમાવા જઈ રહ્યો હતો ત્યારે બીસીસીઆઈ બહુ ઉત્સાહિત નહોતું એટલું જ નહીં પણ વર્લ્ડકપની આ ટીમમાંથી ગાંગુલી, સચિન અને દ્રવિડ જેવા અનુભવી ખેલાડીઓએ પોતાનું નામ પાછું પણ ખેંચી લીધેલું. બીસીસીઆઈ એ એકદમ નવી જેવી અને યુવાન ટીમ ૨૦૦૭ના વર્લ્ડકપ માટે મોકલેલી અને પછી ધોનીની આગેવાનીમાં જોહનિસબર્ગના મેદાન પર ગંભીર (૭૫ ), રોહિત શર્મા (૩૦ ) અને બોલિંગમાં આર. પી. સિંગ (૩) અને ઈરફાન (૩) ના સહારે કટ્ટર પ્રતિસ્પરધીને ઓલમોસ્ટ એકવાર હારેલી લાગતી ગેમ જીતી બતાવેલી. યાદ છે ને એ આખરી ઓવર કે જેમાં પાકિસ્તાનને જીતવા જોઈતા હતા ૧૩ રન અનેઈન્ફોર્મ મિસબાહ બેટિંગમાં હતો ત્યારે ધોનીએ અનુભવી હરભજનને બદલે જોગીન્દર શર્માને છેલ્લી ઓવર આપેલી અને શોર્ટ ફાઈનલેગ પર શૉટ મારવાના ચક્કરમાં મિસબાહ શ્રીસંતના હાથે કેચ આઉટ થતાં જ ભારત આ પહેલો ટી ૨૦ વર્લ્ડકપ જીતેલું.

આજના ફટાફટ ક્રિકેટની શાન આઈપીએલની શરૂઆત જ ૨૦૦૭ની આ જીત પછી થયેલી. ખેર આ જીતને આજે ૧૫ વર્ષો વીતી ગયા પણ હજુ ભારત આ ટ્રોફી ફરીથી જીતી શક્યું નથી. ઈવન અત્યારે હાંસિયામાં ધકેલાઈ ગયેલી વેસ્ટઈન્ડિઝ પણ બે વાર વર્લ્ડ ચેમ્પિયન બની ચૂકેલું છે. ખેર આ વર્ષે વધુ એકવાર ભારતને મોકો છે રોહિતની કપ્તાનીમાં કપ જીતવાનો. તો આવો જોઈએ ફટાફટ ક્રિકેટની ૨૦૨૨ ની એડિશનમાં શું છે નવું અને શેની છે સંભાવના ? સૌ પહેલા તો આ વર્ષે થોડા નવા નિયમો ઉમેરાયા છે જેમ કે બેટરે ક્રિઝમાં રહીને જ બોલ રમવો પડશે અને જો આમ નહીં કરે તો અમ્પાયર ડેડ બોલ જાહેર કરી શકે છે એટલું જ નહીં પણ જો બોલર એવો બોલ ફેંકશે કે જેથી બેટરને બહાર આવીને રમવું પડે તો અમ્પાયર એને નો બોલ પણ ડિકલેર કરી શકશે. બોલર રનઅપ લેતો હોય એ દરમ્યાન જો અજાણતા કે જાણીજોઈને ફિલ્ડરની મુવમેન્ટ થતી હશે તો નો બોલ જાહેર થશે અને સામેની ટીમને પાંચ પોઈન્ટ પણ મળી શકે છે. હવેથી માંકડિંગ ' રનઆઉટ ' તરીકે ઓળખાશે. કોઈ બેટર કેચઆઉટ થઈ જશે અને બન્ને બેટ્સમેન ક્રોસ થઈ ગયા હશે તો પણ સ્ટ્રાઈક પર નવો બેટર જ આવશે. બોલને ચમકાવવા માટે બોલર દ્વારા કરાતો થૂંક કે લાળનો ઉપયોગ હવે પ્રતિબંધિત છે અને પહેલા ક્રિઝથી બહાર આવેલા બેટરને બોલર થ્રો કરીને આઉટ કરી શકતો હતો હવે એવું નહીં કરી શકે, ઈન્ફેકટ એવું કરવા જશે તો અમ્પાયર નો-બોલ આપી શકે છે.

વાત કરીએ ભારતના પ્રદર્શનની તો ૨૦૦૭ની જીત પછીથી ભારત ૨૦૦૯-૧૦—૧૨ અને ૨૦૨૧માં તો સુપર ૮ માંથી જ બહાર નીકળી ગયેલું તો ૨૦૧૪ મા શ્રીલંકા સાથે ફાઈનલમાં અને ૨૦૧૬ મા વેસ્ટ ઈન્ડિઝ સામે સેમીફાઈનલમાં હારી ગયેલું. ખેર આ વખતે ભારત પાસે જીતની ઉમ્મીદ સ્વાભાવિકપણે હોય જ. ઘાયલ બૂમરાહ અને જાડેજા વગર ભારતીય ટીમ ઓસ્ટ્રેલીયા પહોંચી છે અને નેચરલી આ બન્નેની ગેરાજરીને લીધે ભારતનું બોલિંગ ડીપાર્ટમેન્ટ વીક લાગે છે ખાસ કરીને ડેથ ઓવરમાં બૂમરાહની કમી દેખાઈ આવશે. જો કે શમીને વર્લ્ડકપ સ્કવોડમાં સામેલ કરાયો છે. શમી અનુભવી બોલર છે એની ના નહીં પણ છેલ્લા એક વર્ષથી એ કોઈ ટી૨૦ રમ્યો જ નથી જો કે આઈપીએલમાં શમીએ શાનદાર બોલિંગ કરેલી. ભારતીય ફાસ્ટબૉલિંગનો દારોમદાર હર્ષલ, ભૂવિ અને શમી પર રહેવાનો તો અક્ષર કે ચહલ પર સ્પિનનો અને હાર્દિક પર રહેશે ઓલરાઉન્ડ દેખાવ કરવાનું પ્રેશર. બેટિંગમાં ભારતનું કોમ્બિનેશન વર્ક થાય એ જરૂરી છે રોહિત અને રાહુલે સારી શરૂઆત તો કદાચ છેલ્લો ટી ૨૦ વર્લ્ડકપ રમતા વિરાટે એનો અનુભવ અને સૂર્યા-હાર્દિક-કાર્તિકની ડેથઓવર સટાસટી જરૂરી બની રહેશે. હું પંતની બદલે કાર્તિકને અને અશ્વિનની બદલે ચહલને રમાંડવાનું વધુ પસંદ કરીશ.

ક્રિકેટનું આ એક એવું ફટાફટ સ્વરૂપ છે કે જેમાં કોઈ ધારણા બાંધી રાખવી શક્ય નથી જ. શોર્ટફોર્મેટના આ ખેલમાં ગમે ત્યારે બાજી બદલી શકે છે અને એટલે જ ૨૦૨૨ની આ આવૃતિમાં એવા ખેલાડીઓ છે જે પાસું પલટી શકે છે. સૌથી પહેલું નામ હાર્દિક પંડ્યાનું આવશે કે જેના પર ભારતીય ટીમ અને ચાહકોને ખૂબ આશા છે અને મને વિશ્વાસ છે કે એ એના પર ખરો ઉતરશે જ જોકે ઓસ્ટ્રેલિયામાં એની ઈકોનોમી રેટ સારો નથી ઉપરાંત ઈજા ના થાય એ પણ એણે જોવું પડશે. એ ઉપરાંત રોહિત-સુર્ય-કોહલી તો છે જ. છેલા બે વર્ષથી સ્પિન બોલિંગમાં કિંગ કહી શકાય એવો હસારંગા પણ આવો જ ખેલાડી છે તો ઈંગ્લેડનો સિતારો જોસ બટલર રહેશે. તો ઓસ્ટ્રેલીયા વોર્નર, ન્યુઝીલેન્ડ બોલ્ટ અને પાકિસ્તાન રિઝવાન-બાબરની જોડી પર મુસ્તાક રહેશે. ૨૦૦૭માં જેમ જ